


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ પંથકમાં આજે વહેલી સવારથી જ અચાનક જ વાદળો આવી જતા ગાજવીજ સાથે કમોસમી વરસાદ ખાબકયો હતો જેથી ધરતી પુત્રોના તૈયાર થયેલ રવિ પાક ઉપર પાણી ફરી વળ્યું હતું. પ્રાંતિજ તથા તાલુકાના વિવિધ વિસ્તારોમાં આજે સવારે અચાનક જ વાદળો ધસી આવ્યા હતા અને ગાજવીજ કડાકા સાથે વરસાદ થતા રાયડો, એરંડા, ઘઉં, તમાકુ, વરીયાળી જેવા પાકોને લાખ્ખોનું નુકશાન થયું છે. જયારે ખેડૂતોના ખેતરોમાં પવનના કારણે ઘઉંનો ઉભો પાક પણ ઢળી પડયો હતો. બીજી બાજુ ખેતરોની આસપાસ અને માર્ગો પર વીજ થાંભલા અને વૃક્ષો ધરાશાઈ થઈ ગયા હતા. વીજ થાંભલા ઢળી પડતા ચાલુ વીજ વાયરો પણ ચારે બાજુ પથરાઈ ગયા હતા આથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો.

# ફિલ્મની દુનિયા મેનીકની દુનિયા છે : ડૉ. સ્વરૂપ સંપત

## બાળ ફિલ્મ મહોત્સવનો સમાપન સમારોહ યોજાયો : સમારોહમાં અલગ-અલગ શાળાઓને શ્રેષ્ઠ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી : આગામી ૨૦૧૬માં કલ્ચરલ ફોરમ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય આજ તારીખે બાળ ફિલ્મ મહોત્સવ યોજશે

ગાંધીનગરમાં ત્રણ દિવસ બાળ ફિલ્મ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. સમાપન આજરોજ ખીમજી વિસરામ હોલમાં સમાપન સમારોહના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને મુખ્ય મહેમાન ડૉ. સ્વરૂપ સંપતની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ શાળાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પ્રથમ વખત બાળ ફિલ્મ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ફિલ્મ મહોત્સવમાં બાળકોને ફિલ્મ વિશેની માહિતી ફિલ્મ કેવી રીતે બને છે, સહિતની તેમજ ત્રણ દિવસ દરમિયાન દરરોજ રાત્રે ફિલ્મ બતાવવામાં આવતી હતી.

સમાપન સમારોહની શરૂઆતમાં આજ બાપુની પૂણ્ય ભૂમિ પર ઉગ્યુ સુવર્ણ પ્રભાત... ભજનથી કરવામાં આવી હતી. ટી.એસ. જોષી નિયામકે સ્વાગત પ્રવચન કરતા બાળ ફિલ્મ મહોત્સવની માહિતી આપી હતી. બાળ ફિલ્મ મહોત્સવ દરમિયાન ત્રણ દિવસમાં ૬૨૭ શાળાઓમાં ફિલ્મો બતાવવામાં આવી. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકારના બાયસેગ સ્ટુડિયોમાં ખુબજ સારી અને અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી આપણે બાળ ફિલ્મ મહોત્સવને સફળ બનાવી શક્યા છીએ. બાયસેગ સ્ટુડિયો ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ખુબજ સરસ છે. આર.સી. રાવલે કહ્યુ હતુ કે આજે રાજ્યમાં ૧,૪૦ હજાર શિક્ષકો ૩૫ વર્ષ સુધીના છે. અને તેના કારણે અમને ડીઝીટલ શિક્ષકો મળ્યા છે.

સમારોહમાં બેસ્ટ પ્રોગ્રામ એવોર્ડ સરઢવ પ્રાથમિક શાળાની આકાશ ધ રીયલ સ્ટોરી ફિલ્મને, બેસ્ટ ડાયરેકટશન એવોર્ડ માણસાના બાટા આંબા પ્રાથમિક શાળાની ધ રીયલ વે-ઓફ લાઈફ ફિલ્મને, બેસ્ટ વીડીયોગ્રાફી એવોર્ડ કૃષ્ણનગર પ્રાથમિક શાળાની હાથનું ઘરેણુ હસ્તાક્ષર ફિલ્મને, બેસ્ટ સાઉન્ડ એવોર્ડ અને બેસ્ટ એડીટીંગ એવોર્ડ સરઢવ પ્રાથમિક કુમાર શાળાને આકાશ ધ રીયલ સ્ટોરી ફિલ્મને, બેસ્ટ સ્ક્રીપ્ટ દેત્રોજની સીઆરસી નદી શાળાને એજન્ટ ઓફ ચેન્જ ફિલ્મને, બેસ્ટ એનિમેશન એવોર્ડ કડી તુલાકના એસ.ડી. પટેલ સ્કૂલને, કૈસા શોર ફિલ્મને, બેસ્ટ રેડીયો પ્રોગ્રામ એવોર્ડ કરમસદ સજના તલાવડી પ્રાથમિક શાળાને પ્રવેશોત્સવ ગીત બદલ તેમજ સ્પેશ્યલ એવોર્ડ ગાંધીનગર બોરીજ પ્રાથમિક શાળાની એનીમેશન ફિલ્મ ક્રિએશન ફિલ્મને આપવામાં આવ્યો હતો. ડૉ. સ્વરૂપ સંપને જણાવ્યુ હતુ કે ફિલ્મોએ મેઝીકની દુનિયા છે. ફિલ્મો જોવાથી આપણને ઘણુ બધુ નવુ તેમજ અલગ-અલગ ભાષા શિખવા મળે છે. પોતાની વાતમાં જણાવ્યું હતું કે ફિલ્મ ન હોત તો કદાચ હુ અને અને પરેશ રાવલ ન હોત. બાળ ફિલ્મ મહોત્સવ દ્વારા બાળકો દ્વારા બનાવવામાં આવેલી ફિલ્મોના ભરપેટ વખાણ કર્યા હતા.



સમાપન સમારોહના અને કલ્ચરલ ફોરમ ગાંધીનગરના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં બાળ ફિલ્મ મહોત્સવ પૂરો નથી થયો પરંતુ હવેથી શરૂ થયો છે. બાળકોએ સમાજની આવતીકાલ નહિ પરંતુ મૂળ છે. તેમ જણાવી જાહેરાત કરી હતી કે આગામી ૨૦૧૬માં પણ આજ તારીખે કલ્ચરલ ફોરમ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, બાળ ફિલ્મ મહોત્સવ યોજશે. અને નગરના બાળકોને સાચી દિશા આપવાનું કાર્ય કરાશે.

માણસા તાલુકાના ખાટા આબા પ્રાથમિક શાળા દ્વારા નિર્માણ કરવામાં આવેલી ધ રીયલ વે ઓફ લાઈફ ફિલ્મને દર્શાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌ કોઈએ વખાણી હતી. સમારોહમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર, કલ્ચરલ ફોરમ ગાંધીનગર, બાયસેગ ગાંધીનગર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર અને ગુજરાત ટેકનોલોજી ભવન અમદાવાદના સભ્યો તેમજ શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વાઈન ફ્લુ બેકાબુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવા છતાં પરિસ્થિતિને ધ્યાને રાખી જિલ્લાના પ્રભારી સચિવ શ્રી ડાગુરે તાકીદની સમીક્ષા બેઠક જિલ્લાના અધિકારીઓ સાથે કરી જરૂરી પગલાં ભરવા માટે તાકીદ કરી અને સ્વચ્છતા પર વિશેષ ભાર મુક્યો હતો.

મળતી એક બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક ૧૮ માસની આયુ ધરાવતા ભુલકાને પણ સ્વાઈન ફ્લુ શંકાસ્પદ જણાતાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેર અને જિલ્લામાં જે રીતે સ્વાઈન ફ્લુ બેકાબુ બની રહ્યો છે તેને લઈ હરકતમાં આવેલ જિલ્લાતંત્ર દ્વારા પણ ૧૪૪નું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા માટેની કવાયત હાથ ધરાઈ છે. આરોગ્યતંત્ર દ્વારા એકાદ દિવસમાં જ આ અંગેની દરખાસ્ત જિલ્લાતંત્રને આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ જિલ્લામાં અને શહેરમાં ચાલી રહેલ સર્વેલન્સને વધુ સઘન બનાવવા પણ તંત્રને કડક તાકીદ કરવામાં આવી છે. શહેરમાં ૪૦ ટકાથી વધુ વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

## વસંતમાં વર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પવનના કારણે શહેરનો માહોલ કોઈ હીલસ્ટેશન જેવો લાગતો હતો. જો કે બપોર બાદ થોડાક સમય માટે તડકો નીકળ્યો હતો. સાંજે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હતા. આજે એક જ દિવસમાં શહેરીજનોએ ત્રેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. ધીમીધારના વરસાદની સાથે વીજળીના કડાકાઓ પણથોડીકવાર માટે થયા હતા. તાપમાન નીચુ જતાં કબાટમાં ધોઈને મુકી દીધેલા સ્વેટર, કોટ, જેકેટ બહાર કાઢવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ગાંધીનગર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. કમોસમી વરસાદના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડવાની સંભાવનાઓ છે સાથે જ સાંજે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં છાંટા પડ્યા હતા. આજે એક જ દિવસમાં શહેરીજનોએ ત્રેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. ધીમી ધારના વરસાદની સાથે વીજળીના કડાકાઓ પણ થોડીકવાર માટે થયા હતા. તાપમાન નીચુ જતાં કબાટમાં ધોઈને મુકી દીધેલા સ્વેટર, કોટ, જેકેટ બહાર કાઢવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ગાંધીનગર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. કમોસમી વરસાદના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડવાની સંભાવનાઓ છે સાથે જ કૃષિપાકો પર પણ આ વરસાદની વિપરીત અસરો પડી શકે છે. ઘઉં, જીરૂ, વરીયાળી જેવા પાકોને નુકશાન થવાનો ભય રહેલો છે. આજે મહત્તમ ૨૪.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપામાન ૧૫.૫ ડિ.સે. નોંધાયું છે. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૯ ટકા અને સાંજે ૬૮ ટકા નોંધાયું હતું.

## શબ્દાવલી - ૫૯૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | |
| ■ | ૧૩ | ૧૪ | | ■ | ■ | ૧૫ | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ | | ૧૯ |
| | ■ | ■ | ૨૦ | | | | |
| ૨૧ | | | | ■ | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. કિસ્મતવાળુ, ભાગ્યશાળી (૫)
૪. સૂર્ય
૬. નસ, વાડી (૨)
૭. બોલ, કહેવું તે (૩)
૮. શબ્દ, અક્ષર (૩)
૧૦. હોશ, શુદ્ધિ (૨)
૧૧. તાવડી, લોઢી (૨)
૧૨. આંખનો પલકારો, પોપચું (૩)
૧૩. આકાશમાં એકઠો થતો ધુમાડાનો સમુહ (૩)
૧૬. લાજ, સંકોચ (૩)
૧૭. નાના છોકરાઓનો અવાજ (૪)
૨૦. ભાવનાશાળી, ભાવુક (૪)
૨૧. પંખીઓનો અવાજ (૪)
૨૨. નાનકડો અણુ (૨)

### ઊભી ચાવી

૧. શિખામણ, ઠપકો (૪)
૨. પાણીનું જામી જવું તે (૩)
૩. ડાઘ, એક ફિલ્મ (૨)
૪. રાજાઓનું વાહન (૨)
૫. અરજ, વિનંતી કરવી (૪)
૭. સોનું, હેમ (૩)
૯. સપ્તાહનો એકવાર (૪)
૧૦. કપાળ, લલાટ (૨)
૧૨. ક્ષણ, ઘડીનો ૬૦મો ભાગ (૨)
૧૪. શ્વાસ, એક રોગ (૨)
૧૫. પ્રવાહી વાનગી (૨)
૧૬. સો, ૧૦૦ (૩)
૧૭. કવિતાનું સર્જન કરનાર (૨)
૧૮. નસીબ, ભાગ્ય (૨)
૧૯. એક કંદ (૩)
૨૦. કિંમત, મૂલ્ય (૨)

### શબ્દાવલી ૫૯૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સ્વમાન (૩) તકાજો (૬) જર (૭) લલકાર (૮) નકોરડો (૧૦) દ્વવ (૧૨) તાયફો (૧૩) રત (૧૪) બેશક (૧૬) વાશ (૧૭) ધાર (૧૮) ઘરબાર (૨૧) સાવજ (૨૪) મરીજ (૨૫) દખલ

**ઊભી ચાવી :-** (૧) સ્વજન (૨) મારકો (૩) તલ (૪) કાકા (૫) જોરદાર (૭) લડાયક (૯) રતાશ (૧૧) વતન (૧૪) બેશરમ (૧૫) વરસાદ (૧૬) વાઘ (૧૯) બારી (૨૦) રજ (૨૨) વખ (૨૩) જલ

## વેકેશન જાહેર કરવા તૈયારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્તાહમાં સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષાઓ પૂર્ણ થઈ જતી હોઈ રાજ્યની પ્રાથમિક સ્કૂલો તથા માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક સ્કૂલોમાં એપ્રિલના બીજા સપ્તાહથી વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવશે. મોટાભાગે બીજા સપ્તાહની શરૂઆતમાં જ પરીક્ષાઓ શરૂ કરી દેવામાં આવશે અને સંભવત ૧૭ એપ્રિલ સુધીમાં સ્કૂલોની વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે જે રાજ્યની મોટાભાગની સ્કૂલોમાં ૨૦ એપ્રિલથી વેકેશન જાહેર કરી દેવામાં આવે તેમ પણ જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમઆમે કેટલીક સ્કૂલો દ્વારા તો ૬ એપ્રિલથી જ વાર્ષિક પરીક્ષાઓ લેવાનું આયોજન કર્યું છે જ્યારે અન્ય સ્કૂલો કે જ્યાં સાયન્સ બીજા સેમેસ્ટરના પરીક્ષા સેન્ટર છે તેઓ સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષા પૂર્ણ થયા બાદ સ્કૂલની વાર્ષિક પરીક્ષાઓ શરૂ કરશે.

## આંખો ભરાઈ આવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● મોસમ ઈસ કદર ખુમારીમેં હૈ,
મેરા શહરભી શિમલા હોને કી તૈયારી મેં હૈ.

● સૌથી લાંબી ગઈકાલની રાત હતી, હું ઊંઘ્યો શિયાળામાં અને જાગ્યો ચોમાસામાં, આખે આખો ઉનાળો ઉંઘમાં જ ગયો...

● સુબહ જેકેટ પહેનો, દોપહરમે ઉતારો, શામ કો રેઈનકોટ પહેનો, રાત કો કમ્બલ ઓઢો, સાલા સમજમેં નહી આતા કી મૌસમ હૈ યા ફેશન શો.

● કિસી ટેકનીકલ પ્રોબ્લેમ કી વઝહસે ઈસબાર ઠંડ કે બાદ ફિરસે બારીશ શુરૂ કર દી ગઈ હૈ, લિકેજ ઢુંઢને કા કામ જારી હૈ... આપકો હો રહી અસુવિધા કે લિયે ખેદ હૈ... - ઈન્દ્રદેવ

● લોકોને આશ્ચર્ય થઈ રહ્યું છે અચાનક આવેલા વરસાદ પર, રીલેક્ષ.. આ તો રજનીકાંત તેની પિચકારીનું ટેસ્ટીંગ કરી રહ્યો છે... હેપ્પી હોલી ઈન એડવાન્સ.

● આજનો વરસાદ એ એવા સંબંધોનું ઉદાહરણ છે જે.. સમય આવે ભારે ઉઘાડ કાઢે અને વગર કારણે વરસી પડે...

● મેં તો યુંહી ગુનગુના રહા થા... કભી જો બાદલ બરસે... ભગવાને સિરયસલી લઈ લીધુ...

## ગેમી-ડેની ઉજવણી.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યું હતું કે પર્યાવરણના જતન અંગે સરકારમાં જ નહીં પરંતુ ખાનગીક્ષેત્રે જાગૃતિ વધી છે. પર્યાવરણને પ્રદૂષિત થતુ અટકાવવા જરૂરી પગલા અને ઉપાયો અનિવાર્ય બ્યા છે. ત્યારે આ દિશામાં ગેમી મહત્વપૂર્ણ કામ કરી રહી છે. ગેમીના આધારે પરીક્ષણ કરવા માટે વિશ્વ કક્ષાની વ્યવસ્થા અને કૌશલ્યપૂર્ણ કર્મચારીઓ ઉપલબ્ધ છે. જેના લીધે પર્યાવરણ જતનના મોરચે ગુજરાત સમગ્ર દેશમાં આગેવાની લઈ શકશે. પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે. તનેજાએ જણાવ્યુ હતુ કે આગામી વર્ષમાં ગેમીનું બજેટ પણ વધારવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણ પર ઘણી ખરાબ અસરોને અટકાવવા માટે પર્યાવરણ કેટલા પ્રમાણમાં કઈ રીતે ખરાબ થયું છે તે જાણવુ પણ અનિવાર્ય છે. પર્યાવરણ પર દેખરેખ રાખવા તેમજ જરૂરી પરીક્ષણ કરવાની પ્રવૃત્તિ માટે ગેમીની સ્થાપના કરવામાં આવી છે. ગેમીએ જમીન, પાણી તથા વાયુના પરિક્ષણ માટેની ક્ષમતા વિકસાવી સંશોધન પ્રવૃત્તિ પણ હાથ ધરી છે. જે પર્યાવરણ જતનક્ષેત્રે અગત્યની સાબિત થશે.

ડૉ. ત્યાગીએ ગેમીએ અત્યાર સુધી કરેલા વિકાસ અંગે એક રસપ્રદ પ્રેઝન્ટેશન પણ રજુ કર્યું હતું. આ ઉપરાંત ગેમીની વિશ્વ કક્ષાની લેબોરેટરી અંગે ગેમીના સાયંટિફિક ઓફિસર તથા લેબોરેટરી હેડ નીતાશા ખત્રીએ માહિતી આપી હતી, જ્યારે ગુજરાત ફોરેન્સિક સાયંસ યુનિવર્સિટીના ડૉ. દિપક રવતાનીએ આ લેબોરેટરી પર વિશેષ વ્યક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ સેન્ટર ફોર એન્વાયરમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટીના પ્રોફેસર અશ્વિનીકુમારે વેસ્ટ એક્સચેન્જ સેન્ટર પર અને અદાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટના ડૉ. દિપ્તીરાજન મહાપાત્રએ સિટી પોલ્યુશન રેટિંગ ઈન્ડેક્સ તથા અન્ય પર્યાવરણ સંબંધિત ઈન્ડિકેટર્સ પર પ્રવચન આપ્યા હતા. સમારંભના અંતિમ સેશનમાં ગેમીના ડેપ્યુટી એન્વાયરમેન્ટ એન્જિનિયર અને યુનિટ હેડ પરેશ ચાવડાએ ગેમીના ઉદ્દેશો તથા ભાવિ આયોજન અંગે પ્રકાશ પાડ્યો હતો.

ગેમી દ્વારા ગાંધીનગર ખાતે સ્થાપવામાં આવેલી અદ્યતન લેબોરેટરી જમીન, પાણી અનેવાયુ અંગેના વિવિધ પરીક્ષણો કરવા સક્ષમ છે અને આ લેબોરેટરી ફેબ્રુઆરી, ૨૦૧૨માં કાર્યરત થઈ ત્યારથી અત્યાર સુધીમાં તેના દ્વારા આશરે ૧૭,૦૦૦ થી પણ વધુ પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા છે.

## સરકારને મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એરંડાનું ઉત્પાદન કરતું ટોચનું રાજ્ય છે. તાજેતરમાં દાયકાઓમાં ભારત દિવેલ અને તેના ડેરિવેટિવ્સનો સૌથી મોટો ઉત્પાદક અને નિકાસકાર દેશ બન્યો છે. વૈશ્વિક સ્તરે દિવેલની ૯૦ ટકા જરૂરિયાતો ભારત પુરી કરે છે અને દેશને દિવેલ તથા તેના ડેરિવેટિવ્સની નિકાસમાંથી અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનું વિદેશી હુંડિયામણ મળે છે. એરંડામાં દેશ માટે વધુ વિદેશી હુંડિયામણ કમાવાની વ્યાપક સંભાવના છે. જો કે, નિકાસકારો અને પ્રોસેસર્સ ફ્યુચર એક્સજેન્જ (એનસીડેક્સ) પર ભાવોને કૃત્રિમ રીતે દબાવી રહ્યા છે, પરીણામે સ્થાનિક મંડીઓમાં એરંડાના ભાવ નીચા રહે છે. કેન્દ્ર સરકાર, એનસીડેક્સ જેવા કમોડિટી એક્સચેન્જીસ અને વાયદા બજાર પંચ (એફએમસી) જેવા નિયમનકારોની અવાસ્તવિક અને ભેદભાવપૂર્ણ નીતિઓ ખેડૂતોને આ નિકાસલક્ષી પાકમાંથી યોગ્ય લાભ મેળવવાના કાયદેસરના અધિકારથી દૂર રાખે છે.

ગુજરાતમાં એરંડાનો સરેરાશ ઈનપુટ ખર્ચ પ્રતિ મેટ્રીક ટન રૂ. ૬૦,૦૦૦ થી રૂ. ૭૦,૦૦૦ આસપાસ છે જ્યારે હાલમાં તેના બજાર ભાવનું સ્તર લગભગ અડધે એટલે કે રૂ. ૩૪,૦૦૦ પીએમટી છે. બીકેએસએ સરકારને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને ઈનપુટ ખર્ચ સામે તર્કસંગત ભાવ કરવામાં મદદરૂપ થવા માટે એરંડાના લઘુત્તમ ટેકાના ભાવ રૂ. ૭૦,૦૦૦ પીએમટી અને દિવેલ માટે લઘુત્તમ નિકાસ મુલ્ય રૂ. ૨,૦૦૦ ડોલર પીએમટી જાહેર કરવા વિનંતી છે.

હાજર બજારમાં બિયારણના ભાવ પ્રતિ ૨૦ કિલો રૂ. ૯૦૦ થી રૂ. ૯૫૦ની આસપાસ હતા તેમાં ગયા મહિને નાટ્યાત્મક ઘટાડો જોવા મળ્યો છે. હાલમાં બિયારણના ભાવ ૨૦ કિલો રૂ. ૬૦૦ થી રૂ. ૬૫૦ ની રેન્જમાં થઈ ગયો છે. બજારના અહેવાલ મુજબ વાયદા બજારમાં ભારે વેચવાલીને કાણે આ ઘટાડો થયો છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓથી ભાવમાં આ પ્રકારનો જંગી ઉતાર-ચઢાવ અનિષ્ટની આગાહી કરે છે અને તે એરંડાના વેપારને નુકસાન પહોંચાડે છે. એરંડો પકવતા મહત્વના કેન્દ્રોના અહેવાલ મુજબ એરંડા ઉત્પાદકો આ પ્રકારની બજાર સ્થિતિથી એરંડાની ખેતીના સંદર્ભમાં નિરુત્સાહ થશે અને અન્ય પાક તરફ વળશે. બજારમાં વર્તમાન કથળેલી સ્થિતિથી ખેડૂતો હાજર અને વાયદા બજારોમાં સટ્ટાકીય બળોની દરમિયાનગીરીથી હતોત્સાહિત થશે અને એરંડાના બદલે અન્ય પાક તરફ વળી જશે. હાલમાં એરંડાના બિયારણના ભાવ સંભંવિત ભાવ કરતાં ઘણા નીચા છે. તેના સંભંવિત ભાવથી ભારત વૈશ્વિક બજારમાં તેનું પ્રભુત્વશાળી સ્થાન જમાવી શકશે.

મીડિયા કોન્ફરન્સમાં ખેડૂતોની દયનિય સ્થિતિ પર પ્રકાશ પાડતાં ભારતીય કિસાન સંઘના ગુજરાત એકમના પ્રમુખ મગનભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ભારતીય ખેડૂતોએ અન્ય પાક તરફ વળવું પડશે અને દેશે એરંડામાંથી થતા નોંધપાત્ર વિદેશી હુંડિયામણથી વંચિત રહેવું પડશે તે બાબતથી અમે ચિંતિત છીએ. આ વિકટ સમયમાં સરકાર અને એફએમસીએ તાત્કાલિક હકારાત્મક પગલાં લેવા જોઈએ, જેથી ખેડૂતો માટે વધુ સારા રિઅલાઈઝેશન્સ સહિત પ્રોત્સાહજનક સ્થિતિ ઉભી થઈ શકે અને દેશને વધારાનું વિદેશી હુંડિયામણ મળે. એરંડો અખાદ્ય ઉત્પાદન છે અને તેને સ્થાનિક ફુગાવા સાથે કોઈ જોડાણ નથી. તેથી હિતશત્રુઓને નહીં પરંતુ એરંડાની ખેતી કરતાં ખેડૂતોને તેનો લાભ મળવો જોઈએ. તેઓ ખરીદદારો પાસેથી ઊંચા નિકાસ ભાવે સારૂ વળતર મેળવી શકે છે અને ભારતીય ખેડૂતોને મદદરૂપ થઈ શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે, '૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ યોજાયેલી એસઈએ કેસ્ટર કોન્ફરન્સ એકદમ ખોટી છે, કારણ કે વિદેશી ખરીદદારો, નિકાસકારો, ઉદ્યોગપતિઓની લોબી ભેદભાવપૂર્ણ અહેવાલ આપે છે અને એસઈએ ખેડૂત વિરોધી અને રાષ્ટ્ર વિરોધી લોબીનો હાથો બની ગઈ છે. તેમણે કોઈપણ વૈજ્ઞાનિક સર્વે કર્યા વિના પાકના અંદાજિત આંકડાઓ રજૂ કરીને વાસ્તવિકતાની ખોટી રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો છે, જેથી મંદીનું વાતાવરણ સર્જી શકાય અને ભાવને તેની પિક સીઝન દરમિયાન દબાણ હેઠળ લાવી શકાય અને ખેડૂતોને નીચા ભાવે તેમના ઉળત્પાદનો વેચવા દબાણ કરી શકાય. ગુજરાતના કૃષિ સમાજના પ્રતિનિધિત તરીકે અમે ભલામણ કરીએ છીએ કે ખેડૂતોએ આગામી ૨૦૩ મહિના સુધી બજારમાં તેમના એરંડાના પાકનું વેચાણ કરવું જોઈએ નહીં, જેથી તેમને ખ્યાલ આવી શકે કે ઉત્પાદનનો વાસ્તવિક ભાવ ઊંચો છે, જે પ્રતિ મૌન્ડ ૮૦૦ થી ૯૦૦ થી ઉપર છે.

ભારતીય કિસાન સંઘ એરંડાના ખેડૂતોની મુશ્કેલીઓ ધ્યાનમાં લાવવા માટે વિવિધ શહેરોમાં શાંતિપૂર્ણ ધરણા અને વિરોધ પ્રદર્શનો યોજવાનું અને સરકાર સમક્ષ તેમના ઉત્પાદન પર ખેડૂતોને નફાકારક ભાવની ખાતરી આપવાની માગ કરવાનું પણ વિચારી રહ્યું છે. તેઓ ગુજરાતમાં મંત્રીઓના સંપર્કમાં છે અને તેઓ કેન્દ્ર સરકાર સામે પણ વિરોધ નોંધાવશે. તેઓ આગામી સપ્તાહમાં એનસીડેક્સ અને એફએમસી તથા આર્થિક બાબતોના વિભાગને પણ મળશે.

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**હવે ટાઇડલ વીજળી પેદા થશે ...**

સમુદ્રના મોજાં આધારિત વીજળી પેદા કરવાનું રાજય સરકારે મન બનાવી લીધું છે. આ પ્રોજેક્ટ કોસ્ટલી છે છતાં સરકાર આગળ વધી રહી છે. સરકારે ટાઇડલ વીજળી માટે કચ્છના અખાતમાં માંડવી પાસે અને ખંભાતના અખાતમાં હજીરા પાસે એમ કુલ બે સ્થળોની પસંદગી કરી લીધી છે. આ બન્ને વીજમથક ૨૦૦ થી ૩૦૦ મેગાવોટ સુધી વિદ્યુત ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. ગુજરાત માટે આ ઉત્તમ સમય છે, કારણ કે ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટરનો અફાટ દરિયા કિનારો છે. હજી સરકાર પાસે એક નવો વિકલ્પ છે પણ કોણ જાણે તેને મંજૂર કરવામાં આવતો નથી. આ વિકલ્પ ગરમ પાણીના ઝરામાંથી વીજળી પેદા કરવાનો છે. આપણે ત્યાં ૧૪ જેટલા ગરમ પાણીના ઝરા છે જેનાથી સસ્તી વીજળી પેદા થઇ શકે છે. આ ફાઇલ ૧૮ વર્ષથી કેદ છે...

**કોંગ્રેસનો ચહેરો બદલાઇ રહ્યો છે ...**

એક પછી એક ચૂંટણીમાં હારની થપાટો ખાધા પછી કોંગ્રેસ તેનો ચહેરો બદલી રહી છે. રાષ્ટ્રીય લેવલે મોટાપાયે ફેરફારોના સંકેતો મળ્યા છે અને રાજયોના સંગઠનમાં પણ ચહેરા બદલાઇ રહ્યા છે. માનવામાં આવે છે કે રાહુલ ગાંધીને રાષ્ટ્રીય પ્રેસિડેન્ટ અને પ્રિયંકા ગાંધીને જનરલ સેક્રેટરી બનાવીને સોનિયા ગાંધી કોંગ્રેસનું પદ છોડી દેશે. આ બદલાવ સાથે રાજયોમાં સંગઠનના હેડ પણ બદલાશે. જો કે આ પહેલાં ગુજરાત કોંગ્રેસના પ્રેસિડેન્ટ અર્જુન મોઢવાડિયાને બદલવામાં આવ્યા છે. તેમના સ્થાને ભરતસિંહ સોલંકીને સુકાન સોંપવામાં આવ્યું છે જેઓ ૨૦૦૬-૨૦૦૮માં પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે. પાર્ટીએ ૨૦૦૨-૨૦૦૪માં શંકરસિંહ વાઘેલાનો અખતરો કરી જોયો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી, કારણ કે મૂળ કોંગ્રેસના નેતાઓ તેમને સ્વિકારવા તૈયાર ન હતા. ભરતસિંહને મૂળ કોંગ્રેસના નેતા માનવામાં આવે છે...

**સરકાર પણ લોનથી ચાલે છે ...**

હાલના સમયમાં આવક ગમે તેટલી હોય બેન્ક લોન આવશ્યક બની ચૂકી છે. ઘર માટે હોમ લોન, કાર માટે લોન, એજયુકેશન માટે લોન, મોબાઇલ ફોન લેવા લોન, ઘરની ચીજવસ્તુ વસાવવા અને ફોરેન ટ્રીપ માટે લોન લેવાય છે. સરકાર પણ તેની યોજનાના કામોની પૂર્તિ માટે લોન લે છે. ગુજરાત સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે છેલ્લા બે વર્ષમાં ૩૧,૦૦૦ કરોડની લોન બજારમાંથી લેવામાં આવી છે અને તેના પેટે સરકાર પ્રતિવર્ષ ૭.૭૭ ટકા થી ૯.૭૫ ટકા સુધીનું વ્યાજ પણ ભરે છે. આ લોન ચાર થી દસ વર્ષના ગાળા માટે લેવામાં આવી છે. બીજી તરફ રાજયનું જાહેર દેવું ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૧,૫૦,૧૫૩ કરોડ થયું છે જે આગામી વર્ષે ૧.૭૦ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. સરકારે છેલ્લા બે વર્ષમાં આ દેવા પેટે ૨૨૦૦૦ કરોડ તો વ્યાજ ચૂકવ્યું છે...

**ગુજરાતમાં બેકારી ઘટી રહી છે ...**

ગુજરાતમાં બેરોજગારી ઘટી રહી હોવાના આંકડા સામે આવ્યા છે. ૨૦૧૩માં રાજયમાં કુલ બેકારોની સંખ્યા ૭,૭૮,૩૪૬ હજી તે ઘટીને ૭,૪૪,૭૧૪ થવા પામી છે. ઘટાડો નજીવો છે પણ દેખાઇ રહ્યો છે. સૌથી તીવ્ર બેકારી ૨૦૦૦ની સાલમાં હતી. એ વર્ષમાં ૧૦ લાખ કરતાં વધુ લોકો બેકાર હતા. ૨૦૧૪ના આંકડા પ્રમાણે સૌથી વધુ બેકારો એસએસસી, ઇન્ટર અને સ્નાતકમાં જોવા મળ્યા છે. જો કે ઇજનેરી બેકારો ૧૩,૪૧૮ છે. ત્રણેય ફેકલ્ટીમાં અનુસ્નાતક બેકારોની સંખ્યા ૪૦,૭૮૧ દેખાઇ છે. ગુજરાતમાં અશિક્ષિત બેકારો ઘટીને માત્ર ૪૮૦૦૦ રહ્યા છે ગયા વર્ષે ૫૫૦૦૦ હતા. બેકારી ઘટવાનું મુખ્ય કારણ ઉદ્યોગોનો વિકાસ માનવામાં આવે છે...

**પગાર-પેન્શન ખર્ચમાં વધારો ...**

ગુજરાત સરકારના મહેસૂલી ખર્ચમાં મુખ્યત્વે પગાર અને ભથ્થાંનો ખર્ચ હોય છે. બીજાક્રમે જાહેર દેવા ઉપરનું વ્યાજ છે. સરકારે તેના લાખો કર્મચારીઓને પગાર પેટે ૨૦૧૪-૦૫ના વર્ષમાં ૨૧,૧૦૪ કરોડ ચૂકવ્યા છે જે ગયા વર્ષની સરખામણીએ ૧૨.૬૮ ટકાનો વધારો દર્શાવે છે. બીજી તરફ પેન્શન ખર્ચ ૮,૭૨૩ કરોડ ઉપર પહોંચ્યું છે જે ૧૬.૫૧ ટકાનો વધારો બતાવે છે. અલબત્ત, જાહેર દેવાના વ્યાજનો ખર્ચ પણ વધતો ગયો છે. સરકાર ચાલુ વર્ષમાં ૧૩,૨૯૭ કરોડનું વ્યાજ ભરશે. છેલ્લા પાંચ વર્ષના વ્યાજના આંકડા જોઈએ તો સરકારે ૫૩,૦૦૦ કરોડ ભર્યા છે...

**આઇપીએસની બદલીઓ તૈયાર છે ...**

ગુજરાતમાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની બદલી કર્યા પછી હવે સરકારના વિભાગોના સિનિયર ઓફિસરોની બદલીઓ તેમજ પ્રમોશન તોળાઇ રહ્યા છે. એ જ પ્રમાણે બે દિવસ પહેલાં સીએમ બંગલે આઇપીએસ અધિકારીઓની બદલીઓની ફાઇલ ક્લિયર કરવામાં આવી છે. પોલીસ તંત્રમાં મોટાપાયે ફેરફારો આવી રહ્યા છે, જેમાં પોલીસ ભવનના ઓફિસરો તો ઠીક રાજયોના પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરનો સમાવેશ થાય છે. જે પોલીસ ઓફિસરોને એક જ જગ્યાએ ત્રણ વર્ષનો સમય થઇ ચૂક્યો છે તેઓ અચૂક બદલાવાના છે. આ સપ્તાહમાં પોલીસ તંત્રમાં બદલી થવાનું અનુમાન છે...

**ભારત સરકારના બજેટની લાક્ષણિકતા ...**

જાણીને નવાઇ લાગશે કે ઇન્ડિયામાં પહેલું બજેટ ૭મી એપ્રિલ-૧૮૬૦માં ઇસ્ટ ઇન્ડિયાએ રજૂ કર્યું હતું. જેમ્સ વિલ્સન એ પહેલા ફાયનાન્સ મેમ્બર હતા અને તેમણે બજેટ રજૂ કર્યું હતું. આઝાદી પછી ભારતના પહેલા નાણાપ્રધાન આર.કે. સન્મુખમ ચેટ્ટીએ ૧૯૪૭માં બજેટ રજૂ કર્યું હતું. સી. ડી. દેશમુખ કે જેઓ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના પહેલા ગવર્નર હતા તેમણે ફાયનાન્સ મિનિસ્ટર તરીકે ૧૯૫૧-૫૨માં બજેટ રજૂ કર્યું હતું. જવાહરલાલ નહેરૂ કે જેઓ પહેલા વડાપ્રધાન હતા તેમણે ૧૯૫૮-૫૯માં બજેટ રજૂ કર્યું હતું. મોરારજી દેસાઇ એવા પહેલા ફાયનાન્સ મિનિસ્ટર હતા કે જેમણે તેમના જન્મદિન ૨૯મી ફેબ્રુઆરી એ ૧૯૬૪ અને ૧૯૬૮માં ભારત સરકારનું બજેટ રજૂ કર્યું હતું. કુલ દસ વખત બજેટ રજૂ કરવાનો તેમનો એક વિક્રમ છે.